મહિધરપુરા વિસ્તારમાંથી ડીજીટલ લોકના પાસવર્ડથી ખોલી ચોરી કરેલ ઇલેકટ્રીક મોટર સાયકલ સાથે વાહન ચોરને ઝડપી પાડતી, સુરત પોલીસની ટીમ.

મહિધરપુરા પો.સ્ટે.A પાર્ટ ગુ.ર.નં.૧૧૨૧૦૦૩૦૨૩૦૦૧૬/૨૦૨૩ ઈ.પી.કો.કલમ-૩૭૯ મુજબના ગુન્હાની ગંભીરતાને ધ્યાને લઈ અન ડીટેકટ ગુન્હો શોધી કાઢવા સારૂ સુચના આપેલ જે આધારે સર્વેલન્સ ટીમના માણસો પેટ્રોલીંગમા હતા તે દરમ્યાન બાતમી આધારે આરોપી નામે ધ્રુવ ધનશ્યામભાઈ હડીયા ઉ.વ. ૧૮ વર્ષ ૧૦ મહિના, રહે. પ્લોટ નંબર-૪૯, નંદનવન રો હાઉસ, માધવબાગ, પર્વત પાટીયા, સુરત, મુળ રહે. ગામ- માંડળ તા-રાજુલા જિ-અમરેલી નાઓને ઓલા કંપનીની બ્લેક કલરની ઇલેક્ટ્રીક મોપેડ જેનો રજી. નં. GJ-05-KY-7036 તથા ચેસીસ નં. P53AFDCBXBBA05070 છે જેની હાલની કિમત આશરે રૂપિયા-૮૦,૦૦૦/- ની ગણી શકાય આરોપીઓને તમામ મુદામાલ સાથે પકડી પાડી કાયદેસરની કાર્યવાહી કરેલ છે.

આરોપીઓની એમ.ઓ.:-આ કામના આરોપી ધ્રુવ ધનશ્યામભાઈ હડીયા ઉ.વ. ૧૮ વર્ષ ૧૦ મહિના, રહે. પ્લોટ નંબર-૪૯, નંદનવન રો હાઉસ, માધવબાગ, પર્વત પાટીયા, સુરત, મુળ રહે- ગામ- માંડળ તા-રાજુલા જિ-અમરેલી નાઓએ અગાઉ ઓલા કંપની બાઇકની ટેસ્ટ ડ્રાઇવ લિધેલ હોય જેથી તેમને ઓલા બાઇકનો ડીજીટલ લોકના કોમન પાસવર્ડ ખબર હોય જેથી મહિધરપુરા હિરાબજાર ધોડિજી બિલ્ડીંગના પાર્કીંગમાંથી ટુ વ્હીલર ગાડીઓ પાર્ક કરેલ હોય જેમાંથી એક બ્લેક કલરની ઓલા ઇલેક્ટ્રીક ગાડી જેનો રજી. નં- GJ-05-KY-7036 ના ડીજીટલ લોકમાં પાસવર્ડ છ વાર ઝીરો પ્રેસ કરી લોક ખોલી અને સદર આરોપીએ સદર મો.સા. લઈ નાસી જઇ ગુન્હો આચરેલ છે.